ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૨-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

# ધાર્મિક અસહિષ્ણુતા મુદ્દે મોદીનો સરકારી સધિયારો

ખ્રિસ્તી ધર્મગુરુઓની હાજરીમાં આયોજિત કાર્યક્રમમાં મોદીએ ધાર્મિક અસહિષ્ણુતાના મુદ્દે સર્વધર્મ સમભાવના વલણ પર સરકાર અડગ હોવાનો સધિયારો આપી ડરી ગયેલા લઘુમતી વર્ગોને આશ્વસ્ત કરવાની કોશિશ કરી છે. દિલ્હીમાં ચર્ચ અને મિશનની શાળા પર ઉગ્ર હિંદુત્વવાદી સંગઠનો દ્વારા થયેલ હુમલાઓ અને તોડફોડથી કેન્દ્ર સરકારની છાપ દુનિયાભરમાં ખરડાવા પામી હતી. એ પહેલાં સાક્ષી મહારાજ, સાધ્વી પ્રાચી અને યોગી આદિત્યનાથ જેવાં ભાજપનાં ભગવાધારી અગ્રણીઓનાં બેફામ નિવેદનો અને ઠેર ઠેર 'ઘર વાપસી'ના નામે બળજબરીપૂર્વક ધર્મપરિવર્તન કરાવવાની ઘટનાઓ, પ્રવીણ તોગડિયાનો વાણીવિલાસ વગેરે અનેક પ્રકારના મુદ્દાઓ પર લાંબા સમય સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૂચક મૌન જાળવ્યું એથી વિદેળી મીડિયામાં એમની સામે આંગળી ચીંધાવા માંડી હતી. દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિવસની પરેડના મુખ્ય મહેમાન તરીકે મોટા ઉપાડે નોતરેલા મોદી મિત્ર 'બરાક' પણ અમેરિકા જતાં જતાં આ મુદ્દે કડવી ટકોર કરતા ગયા હતા. મોદી માટે લાંબો વખત મૌન રહેવામાં આબરૂના ધોવાણની જ શક્યતા વધતી જતી હતી. આખરે એમણે ચીલાચાલુ સાંત્વન તો આપ્યું છે, અને તમામ ધર્મ-સંપ્રદાયો પ્રત્યે સરકાર સમભાવપૂર્ણ વલણ દાખવશે. તેમજ કોમી એખલાસને આંત આવે એવી કોઇ પણ ઘટના સામે કડક હાથે કામગીરી કરશે એવું નિવેદન કર્યું છે. લઘુમતી વર્ગના ધર્મગુરુઓએ વડાપ્રધાનની નિષ્ઠા વિશે શંકા નથી કરી, પરંતુ એ બોલેલું કેટલું પાળી શકશે - પેલાં તોફાની તત્ત્વોને કઇ રીતે જેર કરી શકશે, એ મુદ્દે તો એમનાં મનમાં અવઢવ અકબંધ જ રહેવા પામી છે. 'ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે' - એ કહેવત અમેરિકામાં બનેલી ધાર્મિક અને વંશીય અથડામણોના પરિપેક્ષ્યમાં સાચી ઠરી છે. એક એનઆરઆઇ ગુજરાતી સુરેશ પટેલને ખોટી શંકાના આધારે અમેરિકન પોલીસે ઢોરમાર માર્યાના સમાચારની શાહી સુકાય એ પહેલાં અમેરિકામાં દારૂની દુકાન ચલાવતા પટેલના દીકરાને કોઇએ ગોળી મારી દઇ યમદ્વારે પહોંચાડી દીધો છે. એક હિંદુ મંદિરની દિવાલ પર 'ગેટ આઉટ' જેવા શબ્દો લખી અમેરિકન ગુંડાઓએ ભારતીય સમાજ પ્રત્યે નફરત રજૂ કરી છે. અમેરિકા ઉદાર મતવાદી રાષ્ટ્ર તરીકેનું ગૌરવ લેતું ફરે છે અને હ્યુમન રાઇટ્સ - માનવ અધિકારોના મુદ્દે આખી દુનિયાની જમાદારી કરતું ફરે છે, પણ એનાં પોતાના અનિષ્ટ તત્ત્વો પર એનો કાબૂ નથી રહ્યો. કોઇ એક બાઇએ કાળો માણસ હથિયાર સાથે મારા મકાનની આસપાસ આંટા મારી રહ્યો છે - એવી ફરિયાદ પર અમેરિકન પોલીસ અંગ્રેજી નહીં જાણતા, પુત્રને ઘેર ફરવા ગયેલા નિર્દોષ સુરેશ પટેલની ધોલાઇ કરી નાખે છે. પોલીસના આવા દુષ્કૃત્ય બદલ અને મંદિર પર લખાયેલ લખાણ બદલ ખુદ ઓબામાએ ભારતીય સમાજની માફી માગવી જોઇએ. પરંતુ એવું કશું જ થયું નથી. દોસ્ત 'બરાક' આવો દગાબાજ નીકડશે એવી તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કલ્પના જ ક્યાંથી હોય!

# ગાંધીનગરની કૃતિકા નેશનલ બીચ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં રમી આવી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના વાસણ ખાતે આવેલ શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીની વિદ્યાર્થીની કુ. કૃતિકા એસ. ધુમાલની ૩૫મી નેશનલ ગેમ્સ બીચ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં રમાયેલ ગુજરાત રાજ્યની ટીમમાં થઈ હતી. કુ. કૃતિકા ધુમાલની આ પસંદગીથી સમગ્ર ગાંધીનગર તાલુકા સહિત કોલેજના ગૌરવમાં વધારો થવા પામેલ છે.

તા. ૨જીથી ૫મી



ફેબ્રુઆરી દરમ્યાન કેરલ રાજ્યના તિવેન્દ્રમ ખાતે યોજાયેલ ૩૫મી નેશનલ ગેમ્સ બિચ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમમાં સામેલ થનાર કુ. કૃતિકા બાપુ કોલેજમાં કોમ્પ્યુટર એન્જીનિયરીંગમાં અભ્યાસ કરે છે અને નારગોલ વલસાડ ખાતે યોજાયેલ ૧૦મી નેશનલ બિચ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ચુક્યાં છે. તેમને રાજ્ય. સરકાર તરફથી જયદિપસિંહજી એવોર્ડ મળી ચુકેલ છે. અને તેઓ સ્વીડનના ગોથેનબર્ગ ખાતે પારીટ્યલ કપમાં પણ ભાગ લઈ ચુક્યાં છે. તેઓ ત્રણ વખત વેસ્ટ જીટીયુમાં યુનિવર્સિટીકક્ષાએ રમી ચુક્યા છે. આ સિદ્ધિ બદલ તેમને શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજના પ્રિન્સિપાલ વી.એમ. પટેલ, તેમના પિતા શશિમોહન ધુમાલ જેઓ આંતરરાષ્ટ્રીય હેન્ડબોલ કોચ છે તેમજ કર્મચારીગણે અભિનંદન પાઠવ્યા હતા.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સ્કીલ અપગ્રેડેશન તાલીમ કાર્યક્રમ યોજાયો

## લાભાર્થી મહિલા તાલીમાર્થીઓને મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તે પ્રમાણપત્ર તથા પ્રોત્સાહન સહાયના ચેકનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સે. ૧૨ની ગ્રામ ટેકનોલોજી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૯માં આવેલ શાંતિનિકેતન હાઈસ્કૂલમાં વિવિધ સ્કીલ અપગ્રેડેશન તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમમાં લાભાર્થી તાલીમાર્થીઓને નાળિયેરના રેસામાંથી વિવિધ ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ભાગ લેનાર ૩૦ લાભાર્થી મહિલા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર અને રૂ. ૧૦૦૦ નું પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

આ લાભાર્થીઓને પ્રમાણપત્ર અનેરૂ. ૧૦૦૦ના ચેકના વિતરણ માટે તા. ૧૬મી ફેબ્રુઆરીએ સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણાના હસ્તેપ્રમાણપત્રોનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં નેહરુ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર દ્વારા આ તાલીમ કાર્યક્રમનો ઉદ્દેશ અને સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેનિંગ અંગે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શાંતિનિકેતન હાઈસ્કૂલના સંચાલક અનિલભાઈ પટેલ અને બિપીનભાઈ રાવલ, મીતાબેન સુથાર, હેમાબેન ઉપાધ્યાય, લક્ષ્મીબેન જોષી તથા કશ્યપભાઈ નિમાવત ઉપસ્થિત રહ્યા હતા.




## બોર્ડના વિદ્યાર્થીઓને તણાવમુક્ત રહેવા માર્ગદર્શન અપાયું

રાંધેજાની જોઈતારામ પટેલ વિદ્યા મંદિરમાં બોર્ડના વિદ્યાર્થીઓને દબાણમુક્ત રહેવા મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાંધેજાની જોઈતારામ પટેલ વિદ્યામંદિર ખાતે ધોરણ-૧૦ બોર્ડના વિદ્યાર્થીઓને પરીક્ષામાં તણાવમુક્ત કેવી રીતે રહેવાય તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળામાં ડૉ. જીતેન્દ્ર અઢિયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બોર્ડની પરીક્ષાના કારણે વિદ્યાર્થીઓ આત્મ હત્યા કરતા હોય છે ત્યારે આત્મહત્યા ન કરવા અને પરીક્ષા સમયે શુ શુ ધ્યાનમાં રાખવુ તેના પર માહિતી આપવામાં આવી હતી.

## બાળકોના મધુર શ્રીમાતાજી વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ

અરવિંદ સંસ્કાર કેન્દ્ર સે-૨૩ બાળકોના મધુર શ્રીમાતાજી અને વિદ્યાર્થીનું કર્તવ્ય વિષય પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. સે-૨૩ની શ્રીમતિ આર.જી. પટેલ માધ્યમિક અને શ્રીમતિ એસ.બી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળાની ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓએ આગવી શૈલીમાં નિબંધ લેખન કરી મંતવ્યો જણાવ્યા હતા. નિબંધ લેખન સ્પર્ધામાં સુધાબેન પટેલ, કમલેશ શર્માના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો.

## હરિની દૃષ્ટિ...



લો આ સુટનું કાપડ..!! અને લખો નામ, મોહનસીંગ... લાલસીંગ... છનાલાલ... ભગવાનદાસ... કચરાલાલ.. ધુળાસિંહ... !!

## નાદરી-ચાદીસણા પ્રાથમિક શાળામાં સ્વાઈન ફલુને નાથવા પર માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.૧૮

દેશમાં અને રાજયમાં સ્વાઈન ફલુ રોગના કારણે લોકો મોતને ભેટી રહ્યા છે. સરકારના અધિકારીઓ અને પદાધિકારીઓ પણ રોગના ભરડામાં સપડાઈ જવા પામ્યા છે ત્યારે આ રોગ નાના ભૂલકાઓને ભરડામાં ન લે તે માટે નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં સ્વાઈન ફલુ રોગ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કલોલ તાલુકાના નાદરી-ચાદીસણા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સ્વાઈન ફલુરોગ વિશે માહિતી આપવામાં આવી હતી.

શાળાના શિક્ષક રસિકભાઈ કેવળદાસ પ્રજાપતિએ સ્વાઈન ફલુ રોગ વિશે ઝીણવટભરી માહિતી આપી પોતાને રોગ લાગુ ન પડે તે માટેના પ્રયોગો સુચવ્યા હતા. તેમજ આચાર્યકોકિલાબેન અને અન્ય સ્ટાફ મિત્રોએ ઘરગથ્થુ ઉપચાર તરીકે તુલસીના પાન, અરડુસી પાન, લીમડાના પાન, લવિંગ ઈલાયચીથી બનાવેલ ઉકાળાનું સેવન કરવા જણાવ્યું હતું.



### એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો

સેકટર-૭ સ્થિત ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજમાં અભ્યાસ કરતી મેથોડોલોજી વિષયની ૪૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. વિદ્યાર્થીનીઓના વિષય સંદર્ભે ગાંધી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ સ્થિત આદિવાસી સંશોધન કેન્દ્ર અને રીવરફ્રન્ટની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીનીઓએ ગાંધી આશ્રમની મુલાકાત લઈને જીવનમાં ગાંધીજીના વિચારો અપનાવવા પ્રતિજ્ઞા લીધી હતી. પ્રવાસનું આયોજન સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.







### જીઆઈપીએસનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલનો વાર્ષિકોત્સવ આજે ટાઉનહોલ ખાતે ઉજવાયો હતો. આ વાર્ષિકોત્સવમાં જાણીતા સાહિત્યકાર અને વક્તા ડૉ. કેશુભાઈ દેસાઈ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. આ વાર્ષિકોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં શાળાના બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભમાં મુખ્ય મહેમાન ડૉ. કેશુભાઈ સહિત સંસ્થાના ચેરમેન, મેનેજીંગ ડિરેક્ટર, ટ્રસ્ટીઓ સહિત આચાર્યા રંજન વૈદ્ય અને ઉપ-આચાર્યા ક્રિના ક્રિશ્ચિયને દીપ પ્રાગટ્ય કરી 'સ્વીટ મેમોરીઝ' કાર્યક્રમ હોલમાં પ્રકાશિત કર્યો હતો. આ કાર્યક્રમમાં ગણેશ વંદના અને સરસ્વતી વંદના શ્રી ઋષિમુનિઓને યાદ કરાયા હતા. સમગ્ર સમારોહમાં 'મમતાના સાગરને સૂકવવા ન દઈએ' તેવા ભાવ સાથે બેટી બચાવો સંદેશ સાથેની પ્રસ્તુતિ દરેક ઉપસ્થિત વાલીગણને સ્પર્શી ગઈ હતી. આ ઉપરાંત શાળા જીવનની યાદો 'મીસીંગ સ્કૂલ' દ્વારા, ગાંધી વિચારને 'ડોલહાઉસી' દ્વારા, સંઘર્ષ અને શાંતિ 'સમ્રાટ અશોક' કૃતિએ તેમજ શ્રાપ પણ આશિર્વાદ બની જાય તેવા જીવનમાં મા-બાપનો સંદેશ 'મા-બાપને ભૂલશો નહિ' જેને 'શ્રવણ' કૃતિ દ્વારા આબેહૂબ પ્રગટ કરાયો હતો. મીરાંની ભક્તિ અને સંગીતની જુગલબંધી, દેશપ્રેમ માટે ઈન્ડીયા વાલે અને ડાન્સ ધમાકા વગેરેએ ખૂબ જમાવટ કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યા રંજન વૈદ્ય દ્વારા લિખિત શિક્ષણ આધારિત પુસ્તક 'આઈકોનિક એજ્યુકેશન' પુસ્તકનું ડૉ. કેશુભાઈ દેસાઈના હસ્તે વિમોચન કરાયું હતું. આ કાર્યક્રમનું સમાપન ગુજરાતી ગરબા દ્વારા કરાયું હતું.

# પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને કઠોર અનશનના જીવન પાઠ ગાંધીજીને પૂતળીબાઈની સંસ્કાર દેન

સત્યના પ્રયોગો અથવા આત્મકથામાં ગાંધી લખે છે - 'માતા સાધ્વી સ્ત્રી હતી એવી છાપ મારા ઉપર રહેલી છે. તે બહુ ભાવિક હતી. પૂજાપાઠ વિના કદી ન જમે. હવેલીએ હંમેશા જાય. હું સમજણો થયો ત્યારથી તેણે કદી ચાર્તુમાસ છોડ્યા હોય એવું મને સ્મરણ નથી. કઠણમાં કઠણ વ્રતોને આદરતી અને નિર્વિઘ્ને પૂરા કરતી. લીધેલાં વ્રત માંદી પડે તો પણ ન જ છોડે.'

ગતાંકમાં ગાંધીજીના સામાજિકરણમાં પૂતળીબાઇની અસર કેવી હતી તેનું અછડતું આલેખન કર્યું હતું. બાળ ગાંધીને બીજા છોકરાઓની જેવા નહીં પણ એ જે ખોટું કરે તે સમયે તેમનાથી જુદુ વર્તન/વ્યવહાર કરવાની શિખ તેમની પાસેથી મળી હતી. તેવી જ રીતે પરમાત્મા ઉપર સંપૂર્ણ શ્રદ્ધાભાવ રાખવાની સમજણ પણ માતાના ધાર્મિક સંસ્કારોમાંથી મેળવી હતી.

વિશ્વયુદ્ધમાં એકબીજા સામે લડતા દેશોના લાખો પ્રજાજનોનો સંહાર જોયો ત્યારે મહાન ફિલસૂફ ફ્રેડરિક નિત્સેએ એવી નિરાશા વ્યક્ત કરી હતી કે ઇશ્વર નથી જ નથી. જો ઇશ્વર હોત તો આવી જાનહાનિ તેણે રોકી હોત એવી લાગણી સાથે તેમણે ઇશ્વરની હયાતી ન હોવાનો નિસાસો નાંખ્યો હતો. પણ મહાત્મા ગાંધીએ ઇશ્વરના હોવા કે ના હોવાના કોઇ પણ વિચાર વ્યક્ત કર્યા વગર એવી હતી કે 'હિન્દુસ્તાનમાં મારે રામરાજ સાથેનું સ્વરાજ સ્થાપવું છે.'

ધર્મ પ્રત્યેની તેમની આસ્થા અને પરમ તત્ત્વ તરફની તેમની આશા તેમના માતા પૂતળીબાઇનામાંથી ઉતરી આવી હતી. માતા પૂતળીબાઇના પૂજા પાઠને પ્રાર્થનાનો સંસ્કાર તેમના જીવનનો અભિન્ન અંગ બની રહ્યો હતો. સવાર અને સાંજ નિયમિત રીતે પ્રાર્થનાસભા એમના જીવનનો આજીવન ક્રમ બની રહ્યો હતો. નથ્થુરામ ગોડસેની ગોળીએ મહાત્મા ગાંધીની હત્યા કરી તે પણ પ્રાર્થના સભા વખતે જ થઇ હતી.




ધાર્મિક પ્રકૃતિના પૂતળીબાઇ કઠોર ઉપવાસ પણ કરતાં. ગાંધીજી નોંધે છે કે તેમના માતાએ એક પણ વખત ચાતુર્માસ છોડ્યા હોય એવું સ્મરણમાં નથી. ગાંધીજીએ પણ તેમનાં જીવનકાળ દરમિયાન અનેકવાર આમરણ ઉપવાસ કરીને અનેક વખત આવી પડેલી મુશ્કેલીઓને રોકવાના પ્રયાસો કર્યા હતા.

ગાંધીજીના ઉપવાસ સામે એક બહુ મોટા ગજાના ચિંતક-ફિલોસોફરે એવી મજાક કરી હતી કે, 'ગાંધીએ અનશનનું શસ્ત્ર મહિલાઓ પાસેથી ઉછીનું લીધું હતું' એક દૃષ્ટિએ ગાંધીની ભલે ટીકા કરી હોય તેમ છતાં એક દૃષ્ટિએ તે એટલી સાચી પણ ગણાવી શકાય કારણ કે અનશન કરવાની દિક્ષા અને શિક્ષા ગાંધીને તેમની માતા પાસેથી મળી હતી. પૂતળીબાઇ ભલે માતા હોય તેમના, પણ મહિલા તો ખરાં જ ને! એ દૃષ્ટિએ પેલા ફિલોસોફર બિલકુલ સાચાં.

ધર્મ પ્રત્યેની પારાવાર આસ્થા અને કઠોર વ્રત તપ માંદગીના ભોગે પણ ક્યારેક નહીં છોડનાર પૂતળીબાઇમાંથી ગાંધીએ સત્યની કઠોર સાધનાના તપ તરીકે ઉપવાસને શસ્ત્ર બનાવ્યું હતું. પોતાના કુટુંબીજન હોય કે સ્વરાજ પ્રાપ્તિના પ્રયાસોમાં સાથે હોય એવા સભ્ય હોય કે દેશમાં જુદા જુદા સમયે બે કોમો વચ્ચે ફાટી નીકળેલા કોમી તોફાનોની હુતાશન શાંત પાડવા અર્થે પણ તેમણે અનશન આંદોલનો કર્યા હતા. કોઇકની ભૂલ સામે પણ ગાંધીએ ઉપવાસ કર્યા હોય એવા સંખ્યાબંધ દાખલા જડે છે. ત્યારે આ લાંબા સમય સુધી અનશન કરવાનો વિચાર અને તાકાત એ બંને પણ તેમના માતા પાસેથી જ મળ્યા હતા.

ગાંધીજીના માતા ચાતુર્માસમાં ધારણા પારણાં કરતા હતા. એક સામટા ત્રણ ચાર સળંગ ઉપવાસ એ એમને મન નજીવી વાત હતી. ગાંધીજીની નોંધ મુજબ એક વાર તો માંએ ચાતુર્માસમાં એવું વ્રત લીધું કે સૂર્યનારાયણનાં દર્શન કર્યા પછી જ જમાય. એવા ચોમાસાના દિવસોમાં અમે છોકરાં વાદળ સામુ જોઇ રહીએ કે ક્યારેક સૂર્ય દેખાય ને ક્યારે માં જમે. ચોમાસાના એવા દિવસોમાં સૂર્ય દર્શન દોહ્યલા થઇ જાય એ તો સહુ જાણે છે. એ દિવસોને યાદ કરતાં લખે છે કે જયારે અમને સૂર્યદેખાય અને અમે બા, બા, સૂરજ દેખાયો' કહીએ ને બા ઉતાવળી ઉતાવળી આવે ત્યાં જ તો સૂરજ ભાગી જાય. પૂતળીબાઇ તે સમયે કંઇ નહીં આજે નસીભમાં ખાવાનું નહીં હોય કહી પાછા પોતાના કામમાં ગુંથાઇ જાય. એવી જ રીતે ગાંધીજી પણ જયારે અનશન પર બેઠા હોય ત્યારે જયાં સુધી પારણાંની ઘડી આવે નહીં ત્યાં સુધી અદ્દલોઅદ્દલ પૂતળીબાઇની જેમ જ વર્તતા હતા. માં અને દીકરામાં ફેર એટલો પડતો કે માં બોલીને વ્યક્ત થતા. ગાંધી અનશન સાથે મૌન રહેતા!

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)